ડૉ.આંબેડકર ભવન, લૂણાવાડા,
જિ.મહિસાગર અને મોડાસા,
જિ.અરવલ્લીના મકાન બાંધકામ માટે
સુધારેલી વહીવટી મંજૂરી બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/ASO/e-file/17/2022/0018/G Section
સચિવાલય, ગાંધીનગર
તા.૧૪/૦૩/૨૦૨૪

<u>વંચાણે લીધા:</u>

(૧) વિભાગના તા.૧૮/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: છતલ/૧૦૨૦૧૯/ન.બા.૧૧૦/ગ

(૨) નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ના તા.૨૦/૦૯/૨૦૧૯ના પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૧૯/૬૭૮૯

(3) નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ના તા.૦૪/૦૧/૨૦૨૨ના પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૧/૮૮-૯૦

<u>આમુખ:</u>

અનુસૂચિત જાતિના લોકોમાં આવેલ સભાનતા અને સમાજમાં સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં થયેલ વધારા તથા પછાત વર્ગોના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી રાજ્યના તમામ જિલ્લા મથકે જિલ્લા કક્ષાના ડૉ.આંબેડકર ભવન બાંધવાનું નક્કી થયેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧) વિભાગના તા.૧૮/૦૯/૨૦૧૯ પરના ઠરાવથી ડૉ.આંબેડકર ભવન મોરબી, અરવલ્લી, સુરત, વડોદરા અને મહિસાગર માટે કુલ રૂ.૧૦૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૨૦/૦૯/૨૦૧૯ના પત્રથી નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) દ્વારા ડૉ.આંબેડકર ભવન લુણાવાડા, જિ.મહિસાગરના મકાન બાંધકામ માટે રૂ.૪૩૩.૮૫ લાખની અને વંચાણે લીધેલ ક્રમાંક: (3) પરના તા.૦૪/૦૧/૨૦૨૨ના પત્રથી ડૉ.આંબેડકર ભવન મોડાસા, જિ.અરવલ્લીના મકાન બાંધકામ માટે રૂ.૫૯૯.૯૬ લાખની સુધારેલી વહિવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે ડૉ.આંબેડકર ભવન લુણાવાડા, જિ.મહિસાગરના મકાન બાંધકામ માટે મંજૂર થયેલ અંદાજો અન્વયે રૂ.૪૩૩.૮૫ લાખનો ખર્ચ કરવાની અને ડૉ.આંબેડકર ભવન મોડાસા, જિ.અરવલ્લીના મકાન બાંધકામ માટે મંજૂર થયેલ અંદાજો અન્વયે રૂ.૫૯૯.૯૬ લાખનો ખર્ચ કરવાની સુધારેલી વહિવટી મંજૂરી આથી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર – ૦૧ SCW-33 ડૉ.આંબેડકર ભવનો/ફાઉન્ડેશન બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૨/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-Mar-2024 (01:24 PM)

OIC

12/03/24

(સંતોષ વસાવા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક) મારફત)
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, મોડાસા, જિ.અરવલ્લી,
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, લુણાવાડા, જિ.મહિસાગર,
- સેકશન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેકશન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સાથે
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪

સા.ન્યા. અને અ. વિ.
રવાના કર્યું
તારીખ :/.../૦૩/૨૦૨૪
નંબર........
સહી........